# શપથવિધીમાં મોટી સંખ્યામાં વિદેશી મહાનુભાવો ઉપસ્થિત



# ૧૦૦૦૦થી પણ વધુ સુરક્ષા જવાન તૈનાત

## પોલીસ, કમાન્ડો, અર્ધલશ્કરી દળના જવાન તૈનાત : પાંચ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઇ : ગ્રાઉન્ડ ટુ એર સુરક્ષા વ્યવસ્થા : સ્થિતી ઉપર તંત્રની બાજ નજર રહી

નવી દિલ્હી,તા. ૨૬

નરેન્દ્ર મોદીએ આજે સાંજે દેશના વડાપ્રધાન તરીકેના શપથ લીધા હતા. આ હાઈ પ્રોફાઈલ શપથવિધી વેળા કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. શપથવિધીને લઈને સુરક્ષા જવાનોએ તેમની તમામ તૈયારી કરી લીધી હતી. આશરે ૧૦૦૦૦ સુરક્ષા જવાનોતૈનાત કરવામાં આવ્યા હતા. પાંચ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. જમીનથી લઈને આકાશ સુધીની સુરક્ષા ગોઠવી દેવામાં આવી હતી .રાષ્ટ્રપતિ ભવનની આસપાસ અભૂતપૂર્વ સુરક્ષા ગોઠવી દેવામાં આવી હતી. નરેન્દ્ર મોદીની શપથવિધીમાં પણ નીચાણમાં ઉડાંણ ભરનાર વિમાનની અવરજવર પર ખાસે ધ્યાનમાં રાખાવામાં આવ્યું હતું. આના માટે એર ફોર્સના એર ડિફેન્સ સિસ્ટમને સક્રિય રાખવામાં આવી હતી. દિલ્હીમાં હાઈ એલર્ટની જાહેરાત પહેલાથી જ કરવામાં આવી હતી.

નામ જાહેર નહી કરવાની શરતે એક સુરક્ષા અધિકારીએ કહ્યું હતું કે પ્રજાસત્તાક દિવસની પરેડમાં જેટલી સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવે છે તેટલી જ સુરક્ષા ગોઠવી દેવામાં આવી હતી. સાર્ક દેશોમાંથી આવનાર પ્રવાસી વડા અને તેમના પ્રતિનિધીઓના પ્રવેશ અને બહાર જવાના માર્ગને નિયંત્રિત કરવા માટેહાઈ સિક્યુરિટી ઝોન બનાવી દેવામાં આવ્યા હતા.

## નરેન્દ્ર મોદીના મહેમાનોને સ્વાદિષ્ટ ભોજન પીરસાયું

### શાકાહારી અને માંસાહારી બન્ને ભોજનની વ્યવસ્થા : શપથવિધિના કાર્યક્રમ બાદ સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા કરાઈ : વિદેશી મહેમાનોને ધ્યાનમાં લઈને વિશેષ ડિસ

નવી દિલ્હી,તા. ૨૬

નરેન્દ્ર મોદીના શપથવિધિ કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચેલા મહેમાનોને ખૂબ જ સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવ્યું હતું. આમાં શાકાહારી અને માંસાહારી બન્ને પ્રકારના ભોજનની વ્યસ્થા રાખવામાં આવી હતી. પહેલા એવું માનવામાં આવી રહ્યું હતું કે, મહેમાનોને માંસાહારી ભોજન આપવામાં આવશે નહીં. પરંતુ છેલ્લે કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. જે ભોજન રાખવામાં આવ્યા હતા તેમાં ગલોટી કબાબ, ચીકન હજારવી, કડી, દાલમખ્ની, તંદુરી આલુ, અરબી કબાબ, બીરવલી કોમ્રા કડી, જયપુરી ભીંડી, ચીકન ચેટીનાદ, પ્રોન ચેટીનાદ, પોટોલ ડોલમાન, રાઈસ, કકુવરરાયતા, શિંખડ, પાઈનેપલ હલવા, ગ્રીનટી, સાઉથ ઈન્ડીયન કોફીનો સમાવેશ થાય છે. નરેન્દ્ર મોદીની શપથવિધિમાં આશરે ૪૦૦૦થી પણ વધુ મહેમાનો પહોંચ્યા હતા. શપથવિધિ કાર્યક્રમ યોજાયા બાદ સાંજે ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. શપથવિધિ માટેની તૈયારીઓ છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહી હતી. શપથવિધિના કારણે અભૂતપૂર્વક સુરક્ષા વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી. એમ માનવામાં આવી રહ્યું હતું કે, ગુજરાતી ભોજનની ખાસ વ્યવસ્થા રહેશે પરંતુ શપથવિધિ બાદ સ્વાદિષ્ટ ભોજનની સાથે-સાથે જુદા-જુદા રાજ્યોની ખાસ ડિસ પણ રાખવામાં આવી હતી.

# ગોરખધામ એક્સપ્રેસ માલગાડી સાથે ટકરાઈ : ૪૦ના મોત

લખનઉ, તા. ૨૬

ઉત્તરપ્રદેશના સંતકબિર નગર જિલ્લામાં આજે ગોરખધામ એક્સપ્રેસ અને માલગાડી ટકરાઈ જતાં ઓછામાં ઓછા ૪૦ લોકોના મોત થયા હોવાની દહેશત પ્રવર્તી રહી છે. ૪૦ લોકોના મોતને સમર્થન મળી રહ્યું નથી પરંતુ બિનસત્તાવાર અહેવાલમાં ૪૦ના મોતનો આંકડો મુકવામાં આવ્યો છે. આ બનાવમાં ૧૦૦થી વધુ યાત્રિઓ ઘાયલ થયા હતા. આ ગમખ્વાર અકસ્માત ખૂબ જ પ્રચંડ હતો જેના કારણે એન્જિન સહિત ગોરખધામ એક્સપ્રેસના સાત ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા. બચાવ અને રાહતકામગિરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. આ દુર્ઘટનામાં ઘાયલ થયેલા લોકોને બસ્તી અને સંતકબિરનગરમાં સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગોરખપુરના જોનના ડીઆરએમ અને જીએમ સહિત વરિષ્ઠ અધિકારી ઘટના સ્થળે પહોંચી ગયા હતા. રાહત ટ્રેનો પણ સમયસર પહોંચી ગઈ હતી.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બનાવ અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું અને કેબીનેટ સચિવને ભોગ બનેલા લોકોને બનતી તમામ મદદ કરવાના



આદેશ કર્યા હતા. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ અને ભાજપ અધ્યક્ષ રાજનાથસિંહે પણ બનાવ અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. બસ્તી અને સંતકબિરનગર જિલ્લા વચ્ચે ચુરેબ રેલવે સ્ટેશન પાસે ઉભેલી માલગાડીને આજે સવારે ગોરખધામ એક્સપ્રેસે પાછળથી ટક્કર મારી દીધી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે એન્જિન સહિત ગોરખધામ એક્સપ્રેસના સાત ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા. ગોરખપુરથી ૩૫ કિલોમીટરના અંતરે આ બનાવ બન્યો હતો. આ વિસ્તાર શહેરથી દૂર હોવાના કારણે બચાવ કામગિરીમાં વિલંબ થયો હતો. સંતકબિરનગરના ડીએમએ કહ્યું હતું કે, મૃતકોની સંખ્યા વધી શકે છે. દુર્ઘટનાગ્રસ્ત ડબ્બાઓને ગેસકટરથી કાપવામાં આવ્યા હતા. રેલવે સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, દુર્ઘટનાગ્રસ્ત ડબ્બામાં મોટી સંખ્યામાં લોકો ફસાઈ ગયા હતા. ઉત્તરરેલવેના પીઆર આલજકસિંહે કહ્યું હતું કે, બચાવ અને રાહતકામગિરી તરત જ હાથ ધરવામાં આવી હતી. ગોરખપુર અને ગોંડામાંથી મેડિકલ રાહત ટીમો મોકલવામાં આવી હતી. રેલવેના વરિષ્ઠ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

# માઈક્રોમેક્સનો સૌથી સસ્તો એન્ડ્રોઈડ ફોન લોંચ

નવી દિલ્હી,તા. ૨૬

ગયા સપ્તાહમાં એન્ડ્રોઈડ ૪.૪ કિટકેટ વર્જન પર ચાલનાર સ્માર્ટફોન માઈક્રોમેક્સ યુનાઈટેડ-૨ લોન્ચ કરી દેવામાં આવ્યા બાદ હવે એન્ડ્રોઈડ ૪.૪ કિટકેટ ઉપર ચાલનાર વધુ એક ફોન લોન્ચ કરવામાં આવ્યો છે. માઈક્રોમેક્સ કેનવાસ એંગેજનું વેચાણ શરૂ કરી દેવાયું છે. માઈક્રોમેક્સ કેનવાસ એંગેજ હજુ સુધી કંપનીની સાઈટ ઉપર નજરે પડી રહ્યો નથી. કંપનીએ પણ કોઈ માહિતી આપી નથી. પરંતુ મુંબઈના એક રિટેલરે માહિતી આપતા કહ્યું છે કે, આ સ્માર્ટફોન ૫૯૯૯ રૂપિયામાં ઉપલબ્ધ છે. ઓનલાઈન શોપિંગ સાઈટ ઉપર આ ફોન ૬૧૯૯ રૂપિયામાં વેચાઈ રહ્યો છે. આ કિંમત ઉપર એન્ડ્રોઈડ ૪.૪ કિટકેટ ઉપર ચાલનાર આ સૌથી સસ્તો સ્માર્ટફોન છે. એન્ડ્રોઈડ ૪.૪ કિટકેટ પર ચાલનાર મોટોરોલા-મોટો ઈ અને માઈક્રોમેક્સ યુનાઈટેડ-૨ની કિંમત ૬૯૯૯ રૂપિયા છે. માઈક્રોમેક્સ કેનવાસ એંગેજની પાછલ ૫ મેગાપિક્સલ કેમેરો છે. ૦.૩ મેગાપિક્સલનો ફ્રંટ કેમેરો છે. ૪ જીબી ઈન્ટરનલ સ્ટોરેજ અને ૩૨ જીબી સુધી માઈક્રોએસડી કાર્ડ આમાં લગાવી શકાય છે. આમાં તમામ પ્રકારની સુવિધાઓ રહેલી છે. જેમાં ૧.૨ ગીગાહર્ત્ઝ ક્વૉડ-કોર પ્રોસેસર અને ૫૧૨ એમબી રેમ છે.

# કેજરીવાલની મુક્તિ સંદર્ભે આજે સુનાવણી હાથ ધરાશે

નવીદિલ્હી,તા. ૨૬

દિલ્હી હાઈકોર્ટે આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપુર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને તાકીદની મુક્તિની માંગ કરતી અરજી પર સુનાવણી કરવા સહમતી દર્શાવી છે અને આવતીકાલે જેલમાંથી કેજરીવાલની મુક્તિની માંગ કરી દાખલ કરવામાં આવેલી અરજી પણ સુનાવણી હાથ ધરશે. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે, અરવિંદ કેજરીવાલને ખોટી રીતે જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવી છે. અરજીમાં જસ્ટીસ બીડી અહેમદ અને એસ મૃદુલની બનેલી બેંચ સમક્ષ વકિલ પ્રશાંત ભૂષણ દ્વારા જોરદાર રજુઆત કરવામાં આવી હતી. આમા જણાવવામાં આવ્યું છે કે, સંબંધિત કોલ સમક્ષ આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવશે. ૨૧મી મે અને ૨૩મી મેના આદેશને પડકાર ફેંકીને અરજી દાખલ કરવામાં આવી છે. મેજીસ્ટેરીયલ કોર્ટે બદનક્ષીના કેસમાં જામીન બોન્ડ જમા ન કરવા બદલ જ્યુડીશયલ કસ્ટડીમાં કેજરીવાલને લેવાનો આદેશ કર્યો હતો.

ભાજપના વરીષ્ઠ નેતા નિતીન ગડકરી દ્વારા દાખલ કરવામાં આવેલા બદનક્ષીના કેસને લઈને કેજરીવાલ કાયદાકીય ગુંચનો સામનો કરી રહ્યા છે. અરજીમાં દલીલ કરવામાં આવી છે કે, કોર્ટ દ્વારા આપવામાં આવેલો આદેશ અયોગ્ય દેખાઈ રહ્યો છે. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને બે દિવસ માટે ૨૧મી મેના દિવસે જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. ૨૩મી મેના દિવસે તેમની કસ્ટડીને ૧૪ દિવસ માટે લંબાવી દેવામાં આવી હતી. કારણકે, જામીન બોન્ડ જમા કરાવવાનો ઈન્કાર કર્યો હતો. હાઈકોર્ટમાં જવા માટે તેમને કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ આ નિર્ણયને પડકાર ફેંકીને કેજરીવાલે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. કેજરીવાલને અગાઉ બદનક્ષીની ફરિયાદમાં કોર્ટ દ્વારા આરોપી તરીકે સમન્સ જારી કરવામાં આવ્યો હતો.

ગડકરીએ એવો આક્ષેપ કર્યો હતો કે, એએપીના નેતા દ્વારા તેમને અપમાનિત કરવામાં આવ્યા છે. અરવિંદ કેજરીવાલે ભ્રષ્ટાચારી લોકોની એક યાદી જારી કરી હતી જેમાં ગડકરીના નામનો ઉલ્લેખ કર્યો હતો.

## વિચારયાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

અતિશય કમજોરી સાથે ધબકારા ઝડપી થાય અને તાવ પણ વધી જાય એ સ્થિતિને ઓછી આંક્યા વગર તત્કાળ સારવાર લેવી જોઇએ. એમ ન થાય તો માણસ કોમામાં સરી જઇ શકે છે એ ખાસ ધ્યાનમાં રાખવા જેવી વાત છે.

સનસ્ક્રીન લોશન શરીરના ખુલ્લા રહેતા ભાગ પર લગાડવાથી સૂર્યનાં કિરણોનો અને ગરમ હવાનો ત્વચા પર પડતો પ્રભાવ ઘટે છે, સવારે ૧૧ થી સાંજે ૬ સુધી ઘરની બહાર નીકળવું ટાળવું.

એસી ન હોય તો કૂલર કે પંખાની ઠંડક મેળવવી જેથી ખાસ પરસેવો ન થાય. સ્નાન દિવસમાં બે-ત્રણ વાર કરવું જોઇએ. એસી હોય એવી લાઇબ્રેરીમાં કે માલમાં પણ આંટા મારી શકાય.

પાણી ભલે વધુ પીવાય, પણ કેફિન, આલ્કોહોલ કે ખાંડ વધુ હોય એવાં પીણાં ટો ટાળવાં જ. કોર્ડ ડ્રિંક્સથી તો ખાસ બચવું કેમ કે એ શરીરની પાણીની ઘટ્ટ નથી પૂરી કરી શકતાં એકદમ ઠંડા જ્યુસ કે બરફવાળાં પીણાં પણ ન લેવા જોઇએ. એની તમારા શરીરની રોગપ્રતિકારક શક્તિ પર અવળી અસર થાય છે.

લસ્સી, છાશ, લીંબુ પાણી, શેરડીનો રસ જેવા પીણાં તથા તરબૂચ, નાસપતિ, દ્રાસ, કેરી, કેળા, સફરજન જેવાં ફળો પણ શરીરને ઠંડક આપવા ઉપરાંત પ્રવાહી તત્ત્વથી રાહત આપે છે. તુલસીના પાન તથા કાકડી પણ ગરમીથી બચાવે છે.

ઠંડા પાણીથી શરીરને અનુકૂળ આવે એટલી વાર સ્નાન કરવાથી તથા વહેલી સવારે અને મોડી સાંજે ખુલ્લી હવામાં ટહેલવાથી પણ ઉનાળો ઘણો સહ્ય બને છે. તન સાથે મનને પણ ફાયદો થાય છે.

ઉનાળો એની ચરમસીમાએ પહોંચ્યો છે ત્યારે પોતાના તથા વડીલો અને સંતાનોના આરોગ્યના હિતમાં ગરમીને આઘી રાખવા આટલું ધ્યાન રાખશો ને?

# ફ્રેન્ચ ઓપન : સેરેના, ફેડરર જીત મેળવી બીજા રાઉન્ડમાં

પેરિસ,તા. ૨૫

વર્તમાન ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન સેરેના વિલિયમ્સ પેરિસ ખાતે શરૂ થયેલી ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનમાં શરળ જીત મેળવી બીજા રાઉન્ડમાં પ્રવેશી ગઇ છે. સેરેના તેના ટાઇટલને જાળવી રાખવા માટે મક્કમ દેખાઇ રહી છે. સેરેનાએ ફ્રેન્ચ ઓપન ટેનિસમાં તેની ઝુબેશની શરૂઆત શાનદારરીતે કરી હતી. સેરેનાએ પ્રતમ રાઉન્ડની મેચમાં તેની હરિફ ખેલાડી અને ફ્રાન્સમાંથી વાલ્ડિ કાર્ડ મારફતે પ્રવેશેલી ૧૩૮મી ક્રમાંકિત ખેલાડી એલીઝ લીમ પર સીધા સેટોમાં ૬-૨, ૬-૧થી જીત મેળવી હતી. ટોચની ખેલાડી વિલિયમ્સે મોટા ભાગના પોઇન્ટ સરળ રીતે મેળવી લીધા હતા. સેરેના ટેનિસના ઈતિહાસમાં કેટલાક રેકોર્ડ ધરાવે છે. સેરેનાના હાલના દેખાવને જોતા તેને ફેવરીટ તરીકે ગણવામાં આવે છે. દરમિયાન પુરૂષોના વર્ગમાં સ્ટાર રોજર ફેડરરે પોતાના હરિફ ખેલાડી પર જીત મેળવીને બીજા રાઉન્ડમાં પ્રવેશી ગયો છે. ચોથા ક્રમાકિત ફેડરરને હજુ પણ ફેવરીટ ગણવામાં આવે છે. તે તેના હરિફ ખેલાડી રાફેલ નડાલ અને નોવાક જોકોવિકને પડકાર ફેંકવાની સ્થિતીમાં છે. રોલેન્ડ ગેરોસ ખાતે શરૂ થયેલી વર્ષની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ફ્રેન્ચ ઓપનમાં તે બીજી વખત વિજેતા બનવા ઉત્સુક છે. રોજર ફેડરર પહેલાથી જ ટેનિસના ઈતિહાસમાં સૌથી લોકપ્રિય અને મહાન ખેલાડીની યાદીમાં સામેલ છે. કારણ કે તે ૧૭ ગ્રાન્ડ સ્લેમ ટ્રોફી જીતી ચુક્યો છે. આ વખતે તે ૧૮મી ટ્રોફી જીતવા માટે મેદાનમાં ઉતરનાર છે. પોતાના હરિફ પર માત્ર ૮૪ મિનિટમાં ફેડરરે મેચ જીતી લીધી હતી. ફેડરરે છેલ્લે વર્ષ ૨૦૧૨માં વિમ્બલ્ડનમાં જીત મેળવી હતી. ત્યારબાદ કોઈ ગ્રાન્ડ સ્લેમ ટ્રોફી જીતી શક્યો નથી. ફેડરર હવે અગામી રાઉન્ડની મેચને લઈને ઉત્સુક છે. મોટા ભાગના ટેનિસ નિષ્ણાંતો માની રહ્યા છે કે આ વખતે પણ ફેડરર તેના હરિફ ખેલાડી નડાલ અને જોકોવિકને પડકાર ફેંકશે.

# ટુજી કેસ : જામીનની રાજા અને કાનીમોઝીની માંગણી

નવીદિલ્હી,તા. ૨૬

સમગ્ર દેશને હચમચાવી મુકનાર ટુજી કોંભાંડ કેસ સાથે સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ડિ દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં નામ ધરાવતા બૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન એ. રાજા, ડીએમકેના નેતા કાનીમોઝી અને અન્ય સાત આરોપીઓ દ્વારા દિલ્હી કોર્ટ સમક્ષ જામીન માટેની અરજી દાખલ કરવામાં આવી હતી. તેમની સામે જારી કરવામાં આવેલા સમન્સના ભાગરૂપે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયેલા આ લોકોએ તેમની જામીન અરજી રજુ કરી દીધી હતી. આ જામીન અરજી ઉપર હવે ૨૮મી મેના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે. ડીએમકેના વડા એમ. કરુણાનિધીના પત્ની દયાલુઅમલ પણ આ કેસમાં આરોપી તરીકે રહ્યા છે તેઓ કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહ્યા ન હતા. તેમના વકીલે અંગત હાજરીમાંથી મુક્તિની માંગ કરી હતી. અરજી દાખલ કરી હતી એવા આધાર ઉપર હાજરી કરવામાં આવી હતી કે તેઓ માનસિક રીતે સ્વસ્થ નથી ત્યારબાદ કોર્ટે આજ માટે અંગત હાજરીમાંથી મુક્તિ માટેની અમલની અરજીને મંજુર કરી હતી. ખાસ સીબીઆઈ જજ ઓપી સૈનીએ કેસ સાથે સંબંધીત તમામ દસ્તાવેજો તમામ આરોપીઓને આપવાનો ઈડીને આદેશ કર્યો હતો.

# મારૂતિની સેલેરિયો સીએનજી કાર લોંચ : કિંમત ૪.૬૮ લાખ

નવીદિલ્હી,તા. ૨૬

દેશની સૌથી મોટી કાર બનાવતી કંપની મારૂતિ સુઝુકી ઈન્ડિયાએ આજે તેની નવી સીએનજી આવૃત્તિમાં કાર લોન્ચ કરી હતી. મારૂતિએ સેલેરીઓની સીએનજી આવૃત્તિ લોન્ચ કરી હતી. મારૂતિની સેલેરીઓ સીએનજી કારની કિંમત ૪.૬૮ લાખ રૂપિયા રાખવામાં આવી છે. સીએનજી દ્વારા સંચાલિત સેલેરીઓ ગ્રીન વીએક્સઆઈ ટ્રીનમાં ઉપલબ્ધ રહેશે. આજે જારી કરેલા નિવેદનમાં આ મુજબની વાત કરવામાં આવી હતી. એમએસઆઈના ઉપપ્રમુખ માર્કેટીંગ મનોહર ભટ્ટે કહ્યું હતું કે, સીએનજીમાં કાર રજુ કરવાની હીલચાલ ઘણા સમયથી ચાલી રહી હતી. આ કાર બજારમાં લાવ્યા બાદ સ્થિતિ મજબુત થશે. કસ્ટમરોને વધારે વિકલ્પ મળી રહેશે. એમએસઆઈના ઉપપ્રમુખ માર્કેટીંગ મનોહર ભટ્ટે માહિતી આપતા કહ્યુંહતુંકે નવી કારમાં ફેકટરી દ્વારા ફીટ કરાયેલા આઈજીપીઆઈ ટેકનોલોજી રહેશે. આનાથી કસ્ટમરોને તમામ સુવિધા મળશે ડ્રાઈવીંગની મજા માણી શકાશે. આમાં કોઈ પણ અડચણ મુક્ત મેઈન્ટેન્સન્સની સુવિધા રહેશે. સીએનજી મોડલમાં સીએનજી કીટ રહેશે જે ૩૧.૭૯ કિમી સુધી ચાલી શકશે. સેલેરીઓ વીએક્સઆઈની પેટ્રોલ કારની કિંમત ૪.૦૬ લાખ રૂપિયા છે. સેલેરીઓ ગ્રીનની સાથે મારૂતિ સુઝીકીએ સીએનજી પોર્ટફોલીયોની તાકત વધારી છે.

# બળાત્કાર કેસના મામલે દિલ્હી દેશમાં પ્રથમ ક્રમે

નવી દિલ્હી,તા. ૨૬

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના આંકડામાં જણાવવામાં આવ્યું છે કે દેશમાં રેપના કેસના મામલે દિલ્હી સૌથી આગળ છે. દિલ્હીમાં રેપના કેસ સૌથી વધારે નોંધાયા છે. વર્ષ ૨૦૧૧માં દિલ્હીમાં રેપના ૫૮૮ કેસો નોંધાયા હતા જે સૌથી વધારે હતા. મુંબઈમાં ૨૧૮ કેસો નોંધાયા હતા. ઝીરો ટોલરન્સની નિતી અપનાવવામાં આવી હોવા છતાં દિલ્હીમાં બનાવ બની રહ્યા છે. ઝીરો ટોલરન્સની નિતીના કારણે જ મહિલા સામે વધુ કેસો નોંધાયા છે. વર્ષ ૨૦૧૩માં પણ દિલ્હીમાં સૌથી વધારે કેસો નોંધાયા હતા. દિલ્હીમાં મહિલાઓ સુરક્ષિત નથી તેવી વાત વારંવાર કરવામાં આવી છે. દિલ્હીની પ્રતિષ્ઠા તાજેતરના વર્ષોમાં વધુ ખરાબ થઈ છે.

# હવે એન્ટિ વાયરસની જરૂર નહી પડે, ફેસબુક દૂર કરશે માલવેર

નવી દિલ્હી, તા. ૨૬

હવે તમારે કમ્પ્યુટરમાં એન્ટિવાયરસ સોફટવેરની જરૂર નહીં પડે. ફેસબુક દ્વારા તમે તમારા કમ્પ્યુટરમાંથી માલવેર હટાવી શકો છો. માલવેરમાં કમ્પ્યુટર વાયરસ, ટ્રોઝન, હોર્સિસ, રેન્સમેર, સ્પાયવેર અને એડવેર વગેરે સામેલ છે.

ફેસબુક સિકયોરીટી પૂરી પાડનાર ફર્મ એફ સિકયોર સાથે કરાર કર્યો છે. હવે આ સોશિયલ નેટવર્કિંગ સાઈટ મફતમાં તમારા કોમ્પ્યુટરમાંથી માલવેર હટાવાશે.

એક-સિકયોરે જણાવ્યું હતું કે, એફ-સિકયોર સાથે મળી ફેસબુક બ્રાઉઝર- આધારીત માલવેર સ્કેનર મફતમાં આપશે. એફ-સિકયોરના જણાવ્યા પ્રમાણે માલવેર સ્કેનીંગ અને કલીનઅપ ટેકનોલોજી સંપૂર્ણપણે ફેસબુક સાથે સંકળાયેલી હશે. કંપનીએ કહ્યું હતું કે, જયારે ફેસબુકને કંઈક ગરબડ થયાનો અણસાર આવશે ત્યારે તે યુઝરને કલીનઅપ કવા માટે કહેશે. અને કલીનઅપ સીધું જ બ્રાઉઝર વિન્ડોથી જ થશે. માલવેર જેવી ચીજોથી તમારા કમ્પ્યુટર કે ડિવાઈસની પર્ફોમન્સ પર અસર કરે છે. તમારી અંગત જાણકારીઓ ચોરી શકે છે અને તમારા ડિવાઈસ સુધી પોતાના માલીકને પહોંચાડી શકે છે.

આ મેલિશિયસ લિંકસ કે સ્પામ પોસ્ટ કરી શકે છે. જે યુઝર દ્વારા પોસ્ટ કરાશે. એફ-સિકયોરે જણાવ્યું હતું કે સર્વિસ એ ફેસબુક યુઝસને પણ મળશે. જેમનું એકાઉન્ટ માલવેર ઈન્ફેકશનવાળા પોસ્ટના કારણે ફ્રીઝ કરી દેવાયું હોય. ફેસબુકના સોફટવેર એન્જિનિયર ચેતન ગોડાએ જણાવ્યું હતું.

ફેસબુક પર લોકોને સલામતી આપવી અમારા કામનો ખૂબ જરૂરી હિસ્સો છે. અમને ખુશી છે કે માલવેરને હટાવવા માટે આપણે એફ-સિકયોર એન્ટિવાયરસની તાકાત મળી શકે છે.

કંપનીએ જણાવ્યું હતું કે જયારે કોઈ યુઝર માલવેર ઈન્ફેકટેક ડિવાઈસથી લોગ ઈન કરશે તો તેને માલવેર ઈન્ફેકશનનું નોટિફિકેશન જોવા મળશે. તેને એફ-સિકયોર સ્કેનરની ઉપયોગ કરવા માટે કહેવામાં આવશે.

## સમાચાર ઝલક

- યુપી-ગોરખપુર પાસે ટ્રેન અકસ્માતમાં ૨૦નાં મૃત્યુ, ૧૦૦ ઇજાગ્રસ્ત.
- શપથવિધિ અગાઉ શેરબજારમાં ભારે ઉછાળો.
- વડનગરમાં અનેરો ઉત્સાહનો માહોલ, દિવાળીના માહોલથી વધુ ઉમંગ ઉત્સાહ, આતશબાજી.
- ઇરાકમાં ત્રાસવાદીઓના બોમ્બ હુમલામાં ૨૫નાં મોત.
- થાઇલેન્ડના સૈન્ય શાસકો સામે અમેરિકાનું કડક વલણ.
- રાજપીપળામાં ઐતિહાસિક ઇમારતો જાળવણીના અભાવે ખંડેર હાલતમાં.
- સાપુતારામાં સમર ફેસ્ટિવલમાં ડાંગની ભાતીગળ સંસ્કૃતિનું ભારે આકર્ષણ.
- વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના શપથવિધિ નિમિત્તે સોમનાથ તથા ભદ્રકાળી મંદિરમાં વિશેષ પૂજા અર્ચના.
- ગુજરાતમાં એક અબજ ડોલરનું રોકાણ કરવા ચીન ઉત્સુક, આવતા મહિને પ્રતિનિધિમંડળ આવશે.
- ઇંગ્લેન્ડના લેસ્ટરમાં 'બાબા' નામના સંતે લાખો પાઉન્ડની ઠગાઇ કરી.
- કોંગ્રેસના પ્રધાનો અને તેમનાં સહયોગીઓ શરદ પવાર, અર્થશાસ્ત્રી આયોજનપંચના ઉપાધ્યક્ષ મોન્ટેકસિંહ, ગુજરાતના શંકરસિંહ વાઘેલાએ હાર માટેનાં કારણો રજૂ કર્યાં.
- મુળી-બગોદરા પાસો અલગ-અલગ અકસ્માતમાં ૮નાં મોત.
- ગુરૂદ્વારાઓનાં અપમાન અંગે શીખ સમાજનો પાકિસ્તાન સંસદમાં હંગામો.
- જૂન મહિનામાં ટાઇટલ જીતવા સાયના નેહવાલની તડામાર તૈયારીઓ.
- મોદી સરકાર દેશભરમાં ગામડાઓમાં મહિલાઓ માટે શૌચાલયનાં કામને અગત્યતા આપશે.
- સૂરતમાં પત્નીથી પીડાતા અને હેરાન થતાં પતિએ આત્મવિલોપનની ધમકી આપતાં તેની ધરપકડ કરાઇ.
- ટોપ ૫ કંપનીઓની મૂડીમાં ૯૮,૦૦૦ કરોડનો વધારો.
- મુંબઇમાં ડોકટરની બેદરકારીથી દંડ થયો, દર્દીને રૂા. ૮ લાખ ચુકવવા આદેશ.
- દિપીકા પાદુકોણ અને રણબીર કપૂર ફરીથી એક સાથે ચમકશે.